# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પી.જી.ટી.આર.વિભાગ

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૮૫૦૧ એક્સટે. નં.૨૨૨ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :pgtr@sauuni.ac.in


## પીએચ.ડી. પ્રવેશ – ૨૦૨૪-૨૫ માટેની સૂચનાઓ

| | |
|---|---|
| ૧. | શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં પીએચ.ડી. પ્રવેશ માટે **GCAS** પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. જે વિદ્યાર્થીઓએ **GCAS** પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવ્યું ન હોય તેઓ પીએચ.ડી. પ્રવેશ લાયક રેહેશે નહિ. **GCAS** પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવાની અંતિમ તારીખ ૧૦-૧૦-૨૦૨૪ હતી તે લંબાવીને રજીસ્ટ્રેશન કરાવવાની અંતિમ તારીખ ૧૫-૧૦-૨૦૨૪ કરવામાં આવેલ છે. |
| ૨. | શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે **PGTR**/૧/૨૪૧૯૪૭૧/૨૦૨૪ તા.૦૫/૧૦/૨૦૨૪ ના પરિપત્ર મુજબ **UGC** દ્વારા જે વિષયમાં **Ph. D.** એડમિશન માટે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (**NET**) લેવાય છે તેમા જે વિદ્યાર્થીઓ ક્વોલિફાય થયા હોય તેમનેજ **Ph. D.** એડમિશન માટે લાયક ગણેલ છે. અને આવા ક્વોલિફાય થયેલ વિદ્યાર્થીઓએ **Ph. D.** પ્રવેશ પરીક્ષા આપવાની રહેતી નથી. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટેની પ્રવેશ પ્રકિયા ફી રૂ.૧,૫૦૦/- છે. (ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.). આવા વિદ્યાર્થીઓ **UGC – NET for Ph.D. Admission Category** તરીકે ઓળખવામાં આવશે. **UGC** દ્વારા જે વિષયમાં **Ph. D.** એડમિશન માટે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (**NET**) લેવાય છે તેનું લીસ્ટ યુનિવર્સીટીની વેબસાઈટ પર મુકેલ છે. |
| ૩. | શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે **PGTR**/૧/૨૪૧૯૪૭૧/૨૦૨૪ તા.૦૫/૧૦/૨૦૨૪ ના પરિપત્ર મુજબ **UGC** દ્વારા જે વિષયમાં **Ph. D.** એડમિશન માટે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (**NET**) લેવાતી નથી તેવા વિષય જેવા કે **Rural Studies**, **Pharmacy** અને **Physio Therapy** વિષયમાં **Ph. D.** પ્રવેશ માટે **Ph. D.** પ્રવેશ પરીક્ષા યુનિવર્સીટી દ્વારા લેવામાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪- ૨૫ માટેની પ્રવેશ પ્રકિયા ફી રૂ.૨,000/- છે. (ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.). આવા વિદ્યાર્થીઓ **Ph.D. Entrance Test Category** તરીકે ઓળખવામાં આવશે. **UGC** દ્વારા જે વિષયમાં **Ph. D.** એડમિશન માટે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (**NET**) લેવાતી નથી તેનું લીસ્ટ યુનિવર્સીટીની વેબસાઈટ પર મુકેલ છે. |
| ૪. | પીએચ.ડી. પ્રવેશ મેળવવા માટે અનુસ્નાતક અભ્યાસક્રમ (**M.A., M.B.A., M.Com., M.Sc. M.Ed. M.R.S., M.LIB., M.C.A., M.S.W., M.P.Ed., M.P.A.** વગેરે) માં જનરલ કેટેગરીમાં ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ સિવાય) અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તથા **SEBC** (નોન ક્રિમિલેયર) તથા શારીરિક ખોડખાપણ તેમજ **EWS** કેટેગરીના ઉમેદવારોને ૫૦% ગુણ હોવા જરૂરી છે. |
| ૫. | **Ph.D. Entrance Test Category** ના વિદ્યાર્થીઓ માટે જરૂરી સૂચનાઓ: |
| ૫.૧ | **Ph.D. Entrance Test Category** ના વિદ્યાર્થીઓ માટે પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા સંબંધિત અન્ય માહિતી સમયાંતરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે, ઉમેદવારોએ વેબસાઈટના નિયમિત સંપર્કમાં રહેવું. |
| ૫.૨ | ઉમેદવારે પરીક્ષા સમયે હોલ ટિકિટની પ્રિન્ટ પોતાની પાસે રાખવી. |

| | |
|---|---|
| ૫.૩ | પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા સંબંધિત કોઇપણ પ્રકારનો આખરી નિર્ણય લેવાની સત્તા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રહેશે. |
| ૫.૪ | ઉમેદવાર દ્વારા રજૂ કરવામાં આવેલ ઈ - મેઈલ આઈ.ડી. ઉપર ફી ભરવા માટે તથા હોલ ટીકીટ ડાઉનલોડ કરવા માટે પાસવર્ડ મોકલવામાં આવશે. |
| ૫.૫ | પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષાની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. |
| ૫.૬ | પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા : આ પરીક્ષા કોમ્પ્યુટર બેઈઝડ યોજવામાં આવશે. પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાને લગતી માહિતી વેબસાઈટ પર વખતોવખત અપલોડ કરવામાં આવશે. આથી ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટના નિયમિત સંપર્કમાં રહેવું, જો કોઇપણ કારણસર ઉમેદવાર આ પરીક્ષામાં ગેરહાજર રહેશે તો ઉમેદવારની તે અંગેની કોઇપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. |
| ૫.૭ | ઉમેદવારે જે વિષયમાં અનુસ્નાતક પરીક્ષા પાસ કરેલ છે તે જ વિષયની પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા આપવાની રહેશે. |
| ૫.૮ | પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા પાર્સિંગ ધોરણ :<br>UGC નિયમો અનુસાર પરીક્ષાના પાર્સિંગનું ધોરણ જનરલ કેટેગરીના ઉમેદવારો માટે ૫૦% ગુણ તેમજ અનામત કેટેગરી **(SC,ST,SEBC (**નોન ક્રિમિલેયર),EWSને ૪૫% ગુણનો નિયમ લાગુ પડશે. તેમજ PH ઉમેદવારને પણ ૪૫% ગુણનો નિયમ લાગુ પડશે. |
| ૫.૯ | પ્રશ્નપત્રનું માળખું :-<br>• પ્રશ્નપત્ર કુલ ૧૦૦ ગુણનું રહેશે, પ્રત્યેક પ્રશ્નનો ૧ ગુણભાર રહેશે.<br>• પ્રશ્નો MCQ પ્રકારના રહેશે.<br>• પ્રશ્નપત્રના પ્રશ્નોમાંથી ૫૦ પ્રશ્નો રિસર્ચ મેથોડોલોજી અને ૫૦ પ્રશ્નો વિષય સંબંધિત રહેશે.<br>• નકારાત્મક ગુણાંક રાખેલ નથી.<br>• પરીક્ષાનો સમયગાળો ૧૨૦ મિનિટનો રહેશે.<br>• **Rural Studies** વિષયમાં પ્રશ્નપત્ર અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં રહેશે.<br>• **Pharmacy** અને **Physio Therapy** વિષયમાં પ્રશ્નપત્ર અંગ્રેજી માધ્યમમાં રહેશે. |
| ૫.૧૦ | **Ph.D. Entrance Test Category** ના વિદ્યાર્થીઓની એન્ટ્રન્સ પરીક્ષા માટેનો અભ્યાસક્રમ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. પ્રવેશ પરીક્ષામાં પુન : મૂલ્યાંકન (રી-એસ્સેમેન્ટ), (રી-ચેકીંગ) ની કોઈ જોગવાઈ નથી. |
| ૬. | **UGC – NET for Ph.D. Admission Category** ના વિદ્યાર્થીઓ માટે જરૂરી સૂચનાઓ: |
| ૬.૧ | જે વિદ્યાર્થીઓ **UGC – NET for Ph.D. Admission Exam** કે જે **August-September** 2024 માં લેવાયેલ છે તે પરીક્ષાનું પરિણામ આવે ત્યાર પછી **GCAS Portal** પર રજીસ્ટ્રેશન કરાવનાર તથા આ પરીક્ષામાં ક્વોલિફાય થયેલ વિદ્યાર્થીઓને યુનિવર્સીટી દ્વારા ઉમેદવારે રજૂ કરેલ ઈ - મેઈલ આઈ.ડી. ઉપર ફી ભરવા માટે પાસવર્ડ મોકલવામાં આવશે. જે મુજબ વિદ્યાર્થીઓએ **Online** ફી રૂ.૧,૫૦૦/- ભરવાની રહેશે તથા **UGC – NET for Ph.D. Admission Exam** નું પરિણામ અપલોડ કરવાનું રહેશે. |

| | |
|---|---|
| ૭ | **<u>UGC – NET for Ph.D. Admission Category</u>** તથા **<u>Ph.D. Entrance Test Category</u>** ના ક્વોલિફાય થયેલ વિદ્યાર્થીઓએ નીચે જણાવેલા પ્રમાણપત્ર તથા તેની સ્વપ્રમાણિત નકલ જે તે વિષયના અનુસ્નાતક ભવનમાં **GCAS** પોર્ટલ પર કરેલ અરજીની નકલ તથા પોતાના અસલ તમામ પ્રમાણપત્રો અચૂકપણે વેરિફિકેશન કરાવવાનું રહેશે. જે વિષયનું અનુસ્નાતક ભવન નથી તેવા વિષયો જેવા કે **Physio Therapy, Performing Arts - Vocal, Political Science And Rural Studies** ના વિદ્યાર્થીઓએ **GCAS** પોર્ટલ પર કરેલ અરજીની નકલ તથા પોતાના અસલ તમામ પ્રમાણપત્રો યુનિવર્સીટીના **PGTR** વિભાગ મુખ્ય કાર્યાલયમાં અચૂકપણે વેરિફિકેશન કરાવવાનું રહેશે. જેની તારીખ હવે પછી યુનિવર્સીટીની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. નિયત કરેલ તારીખ સુધીમાં વેરિફિકેશન ન કરાવનાર ઉમેદવારો પ્રવેશ માટે લાયક ગણાશે નહિ.<br>(૧) **GCAS** પોર્ટલ પર કરેલ અરજીની નકલ<br>(૨) આર્થિક પછાત વર્ગ નું (EWS) માન્ય પ્રમાણપત્ર<br>(3) દિવ્યાંગ **(PH)** અંગેનું પ્રમાણપત્ર<br>(૪) **SC/ST** જાતિનું પ્રમાણપત્ર<br>(૫) **OBC** જાતિનું પ્રમાણપત્ર તથા નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર (ઇસ્યુ થયાના નાણાકીય વર્ષ સહીતના ત્રણ નાણાકીય વર્ષ માટે માન્ય)<br>(૬) સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસના તમામ ગુણપત્રકો તથા ડીગ્રી સર્ટિફિકેટસ<br>(૭) **UGC – NET for Ph.D. Admission** પરીક્ષાનું પ્રમાણપત્ર અથવા **Ph.D. Entrance Test** પાસ કર્યા અંગેનો આધાર<br>(૮) આધારકાર્ડ |
| ૮. | **<u>UGC – NET for Ph.D. Admission Category</u>** તથા **<u>Ph.D. Entrance Test Category</u>** ના ક્વોલિફાય થયેલ વિદ્યાર્થીઓ પૈકી મેરીટના ધોરણે ખાલી રહેલ જે તે કેટેગરીની સીટની સાપેક્ષમાં ૧ : ૬ ના ધોરણે એટલે કે (જે – તે કેટેગરીની એક સીટ સામે જે – તે કેટેગરીના ૬ વિદ્યાર્થીઓ) ને DRC સમક્ષ બોલાવવામાં આવશે. |
| ૯. | **<u>UGC – NET for Ph.D. Admission Category</u>** તથા **<u>Ph.D. Entrance Test Category</u>** ના ક્વોલિફાય થયેલ વિદ્યાર્થીઓએ DRC પૂર્વે જે તે વિષયના અનુસ્નાતક ભવનમાં અરજી સાથે પોતાના અસલ તમામ પ્રમાણપત્રો અને સંશોધનની દરખાસ્ત અચૂકપણે જમા કરાવવાની રહેશે. જે વિષયનું અનુસ્નાતક ભવન નથી તેવા વિષયો જેવા કે **Physio Therapy, Performing Arts - Vocal, Political Science And Rural Studies** ના વિદ્યાર્થીઓએ DRC પૂર્વે જે તે વિષયના યુનિવર્સીટીના **PGTR** વિભાગ મુખ્ય કાર્યાલયમાં અરજી સાથે પોતાના અસલ તમામ પ્રમાણપત્રો અને સંશોધનની દરખાસ્ત અચૂકપણે જમા કરાવવાની રહેશે. |
| ૧૦. | પીએચ.ડી. પ્રવેશની આખરી યાદી UGCના નિયમ મુજબ **<u>Ph.D. Entrance Test Category</u>**ના ઉમેદવારોએ **<u>Ph.D. Entrance Test</u>**માં મેળવેલ પરીક્ષાના ગુણના ૭0% + DRCના 30% મુજબ તૈયાર કરવામાં આવશે. જયારે **<u>UGC–NET for Ph.D. Admission Category</u>**ના વિદ્યાર્થીઓએ **<u>UGC–NET for Ph.D. Admission</u>** પરીક્ષામાં મેળવેલ ગુણના ૭0% + DRCના 30% મુજબ તૈયાર કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૧૧. | **UGC – NET for Ph.D. Admission Category** તથા **Ph.D. Entrance Test Category** ના ઉપરોક્ત મુદા નબર ૮ મુજબ ક્વોલિફાય થયેલ છે તેવા તમામ ઉમેદવારોએ DRC ની પ્રકિયામાં હાજર રહેવું ફરજિયાત છે. DRC સમક્ષ ગેરહાજર રહેનાર ઉમેદવારો પ્રવેશ માટે લાયક ગણાશે નહિ. |
| ૧૨. | ઉમેદવારોને મળતી કોઇપણ પ્રકારની સ્કોલરશીપ માટે કોઇપણ ઉમેદવારની સંશોધક તરીકે નોંધણી થાય ત્યારે તેવા ઉમેદવારના માર્ગદર્શકશ્રી જે સંસ્થામાં હોય તે સંસ્થા પાસે મળવાપાત્ર સ્કોલરશીપના નીતિ નિયમોને અનુરૂપ માન્યતા ન હોય તો તે અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં. |
| ૧૩. | શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે **PGTR**/૧/૨૪૨૦૦૭૮/૨૦૨૪ તા.૦૯/૧૦/૨૦૨૪ ના પરિપત્ર મુજબની અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વખતોવખતની સૂચનાઓ લાગુ પડશે. |
| ૧૪. | અરજદારે સૂચનાઓ / નિયમોનો પૂરેપૂરો અભ્યાસ કર્યા બાદ જ ફોર્મ ભરવું. અરજદારે લાયકાતના ધોરણને ધ્યાનમાં રાખી પોતે નિયત લાયકાત ધરાવતા હોય તો જ ફોર્મ ભરવું. |
| ૧૫. | જો ઉમેદવારે ખોટા દસ્તાવેજો રજૂ કરી પીએચ.ડી. પ્રવેશ મેળવેલ હશે તો તે ઉમેદવારનું પીએચ.ડી. પ્રવેશ કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે. |
| ૧૬. | કોઇપણ પ્રકારના માર્ગદર્શન માટે phd2024@sauuni.ac.in ઉપર ઈ મેઈલ કરવાનો રહેશે. |